## સલાબતપુરામાં ૮ વર્ષથી ફરાર બુટલેગર દંપતી ઝડપાયું

સુરતઃ સલાબતપુરા પોલીસે છેલ્લા ૮ વર્ષથી ભાગતા ફરતા બુટલેગર દંપતીને ઝડપી પાડ્યું છે. સલાબતપુરા પોલીસે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી વર્ષ ૨૦૧૯માં નોંધાયેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના ગેરકાયદે વેચાણના ગુનામાં વોન્ટેડ પતિ-પત્નીને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં બંટી સતીષભાઈ પટેલ (ઉં.વ.૩૧) અને તેની પત્ની અંજલી બંટી પટેલ (ઉં.વ.૨૮, બંને રહે., ૧૨૩, શાસ્ત્રીનગર, સલાબતપુરા, સુરત શહેર) નો સમાવેશ થાય છે. છેલ્લા ૮ વર્ષથી પોલીસને થાપ આપી ભાગતા ફરતા આ દંપતીની ધરપકડ કરી સલાબતપુરા પોલીસે આગળની કાયદેસરની પ્રોસેસ અને તપાસ હાથ ધરી છે.

## લાંચ કેસમાં બે પોલીસકર્મી સહિત ત્રણનો છૂટકારો

સુરતઃ ગાડી છોડવા માટે રૂ. ૭ હજારની લાંચ કેસમાં એ.એસ.આઈ. સોમનાથ પાટિલ, પોલીસ કોન્સ્ટેબલ હેમંત ખેરનાર તથા રીક્ષા ચાલક અરૂણ દિનબંધુનો છૂટકારો થયો હતો. વરાછા પોલીસ સ્ટેશનનાં બે પોલીસકર્મીએ ફરિયાદી પાસેથી ગુનાના કામે કબજે લેવાયેલી ગાડી છોડવા માટે લાંચ માંગી હતી. ફરિયાદીએ આ અંગે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. એસીબીએ છટકું ગોઠવી રિક્ષા ચાલક મારફતે લાંચ લેતાં ઝડપી પાડી ત્રણેય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહીમાં આરોપી તરફે એડવોકેટ ઉજ્જવલ જી. દેસાઈએ દલીલ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે ત્રણેય આરોપીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## કતારગામમાં સોસાયટીઓમાંથી પાણીની મોટરો ચોરાઈ

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલી પારસ સોસાયટીમાં પાર્કિંગમાં મૂકેલી સોસાયટીના મેન્ટેનન્સની પાણીની મોટર ચોરાઈ જવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 14મી જુલાઈની રાત્રે કતારગામ પારસ સોસાયટી, જૈન દેરાસર પાસે આવેલા શિવ રેસિડેન્સીના પ્રમુખ અને હીરા મજૂરી કરતાં જયેશભાઈ ધીરજભાઈ પાલા (ઉં.વ.૪૨) ને તેમની પત્નીએ ફોન કરીને બિલ્ડિંગમાં પાણી ન આવતું હોવાની જાણ કરી હતી. જયેશભાઈએ પાર્કિંગમાં જઈને તપાસ કરતાં પાણીની મોટર ગાયબ જોવા મળી હતી. તપાસ કરતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. આજુબાજુના વિસ્તારમાંથી પણ અન્ય સોસાયટીઓની મોટરો ચોરાઈ હોવાનું જાણવા મળતાં આ કોઈ સંગઠિત તસ્કર ટોળકીનું કામ હોવાની શંકા સેવાઈ રહી છે. આખરે જયેશભાઈએ ચોકબજાર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## માતા મળીને વતન ગયાં, બીજા દિવસે 17 વર્ષીય પુત્રનો આપઘાત

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની અંકિત રામનરેશ કિરાર (17 વર્ષ) હાલ વરાછા જગદીશનગરમાં મિત્રો સાથે રહેતો હતો અને સિલાઈ કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. તેના પિતા વતનમાં ખેતી કામ કરે છે. શનિવારે માતા અંકિતને મળીને પરત વતનમાં ગઈ હતી. સોમવારે રાત્રે અંકિત કામ પરથી પરત રૂમ પર આવી રડવા લાગ્યો હતો. મંગળવારે બપોરે અંકિતે ઘરમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ મિત્રોને થતા તેને તાત્કાલિક નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અંકિતે ડિપ્રેશનમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા લાગી રહી છે. આ અંગે વધુ તપાસ વરાછા પોલીસ કરી રહી છે.

## હોડી બંગલા પાસે રોકડા ચોરી કિશોરે સ્માર્ટ ફોન ખરીદી લીધો

સુરતઃ હોડી બંગલા ત્રણ રસ્તા પાસે લખનવી હોટેલ સામે રહેતા અબ્દુલ સઈદ અબ્દુલ રસીદ શેખ (ઉં.વ.૬૭)ના ઘરમાંથી દૂધના કેરેટમાંથી વિતેલા શુક્રવારની રાત્રે રૂ.૩૦,૦૦૦ની ચોરી થવા પામી હતી. લાલગેટ પોલીસે આ ગુનામાં બાળ કિશોરને ઝડપી પાડ્યો છે. પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે ચોરી કરેલી રોકડ રકમમાંથી આ કિશોરે રૂ.૧૬,૫૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ખરીદી લીધો હતો. પોલીસે ચોરીના ફોન કબજે કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

ખાવામાં હવે ધ્યાન રાખવું પડે તેમ છે, બહારના ખોરાકમાં તો ખરું જ, ઘરમાં પણ નજર રાખજો

# શાકમાંથી ગરોળી નીકળતા પરિવાર હોસ્પિ.માં

**ફૂડ** પોઇઝનિંગની આશંકાએ માતા સહિત બે પુત્રો નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ

સુરતઃ પુણા ઉમરવાડા રોડ પર આવેલા SMC આવાસમાં સોમવારે રાત્રે જમતી વખતે બનેલી એક ઘટનાએ પરિવારના ત્રણ સભ્યોના હોશ ઉડાવી દીધા હતા. મગના શાકનું સેવન કર્યા બાદ બીજી વખત શાક પીરસતી વખતે થાળીમાં ગરોળી દેખાતાં માતા સહિત બે પુત્રોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ફૂડ પોઈઝનિંગની આશંકાને પગલે ત્રણેયને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં રીફર કરાતા ત્રણેયને દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી.

પુણા ઉમરવાડા રોડ પર આવેલા લક્ષ્મીનગર SMC આવાસમાં સંકેત સુરેશભાઈ રાઠોડ (27 વર્ષ), તેમની માતા ગીતાબેન (46 વર્ષ), ભાઈ પિન્કેશ (31 વર્ષ) અને જિગ્નેશ સાથે રહે છે. ત્રણેય ભાઈઓ રત્નકલાકાર તરીકે નોકરી કરે છે, જ્યારે તેમના પિતા સુરેશભાઈનું અગાઉ અવસાન થઈ ચૂક્યું છે.

સોમવારે રાત્રે ગીતાબેને ચોખાના રોટલા અને મગનું શાક બનાવ્યું હતું. જમવાનું તૈયાર કરતી વખતે અજાણતા શાકમાં ગરોળી પડી ગઈ હતી. નોકરી પરથી ઘરે આવેલા સંકેત અને પિન્કેશ માતા સાથે જમવા બેઠા હતા. પ્રથમ વખત શાક સાથે જમ્યા બાદ બીજી વખત પીરસતી વખતે સંકેતની થાળીના શાકમાં ગરોળી દેખાતાં ત્રણેયના હોશ ઉડી ગયા હતા અને ગભરાઈ ગયા હતા. તેમજ પડોશીઓને જાણ કરી હતી. શાકનું સેવન થઈ ચૂક્યું હોવાથી ફૂડ પોઈઝનિંગની આશંકા સેવાતાં તેમણે કોઈ વિલંબ કર્યા વગર નજીકની ખાનગી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. ત્યાંથી ફરજ પરના તબીબે નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવાની સલાહ આપતા ત્રણેયને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને નિરીક્ષણ હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં 24 કલાક બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, પરિવારનો અન્ય સભ્ય જિગ્નેશ તે સમયે નોકરી પરથી ઘરે પરત ફર્યો ન હોવાથી તેણે જમવાનું લીધું ન હતું. જેના કારણે તે આ ઘટનાથી બચી ગયો હતો.

### સચિનના પાલીમાં મંચુરિયનમાં મરેલો ઉંદર મળ્યો

સચિનના પાળી ગામ વિસ્તારમાં આવેલા એક ચાઇનીઝ ફૂડ આઉટલેટમાં ગ્રાહકે ઓર્ડર કરેલા મંચુરિયનમાં મરેલો ઉંદર મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. માહિતી મુજબ, સચિન સાઉથ ઝોન-બીના વોર્ડ નં. 30 હેઠળ આવેલા પાળી ગામમાં સ્થિત જય હનુમાન ચાઇનીઝ સેન્ટર ખાતે એક ગ્રાહકે મંચુરિયનનો ઓર્ડર આપ્યો હતો. ખાવાની તૈયારી દરમિયાન વાનગીમાં કાળા રંગની શંકાસ્પદ વસ્તુ દેખાતા તપાસ કરતાં તેમાં મરેલો ઉંદર હોવાનું બહાર આવ્યું હતું. ગ્રાહકે ઘટનાનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. વિડીયો ધ્યાને આવતા મનપાના ફૂડ સેફ્ટી વિભાગે સ્થળ પર તપાસ કરી હતી. તપાસ દરમિયાન દુકાનમાં ગંદકી જોવા મળતાં સંચાલકને સફાઈ અને પેસ્ટ કંટ્રોલ કરવા માટે ત્રણ દિવસની નોટિસ આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગે માત્ર 1,000નો દંડ ફટકાર્યો હતો અને સફાઈ બાદ મંજૂરી મળ્યા પછી દુકાન ફરી શરૂ કરવાની છૂટ આપવાની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ શહેરમાં લાઇસન્સ વિના અથવા નિયમોના ભંગ સાથે ધમધમતા ફૂડ આઉટલેટ્સ સામે મનપાની કાર્યવાહી કેટલી અસરકારક છે તે અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. નાગરિકો હવે માત્ર દંડ નહીં પરંતુ કડક કાનૂની કાર્યવાહી અને નિયમિત ચેકિંગની માંગ કરી રહ્યા છે.

---

# સુરતમાં હવે ડુપ્લિકેટ સાબુ અને કોસ્મેટિક્સ બનાવતી ફેક્ટરી પકડાઈ

**અમરોલીમાં** 'યામી ઘર શોપ' કંપનીના નકલી સાબુ બનાવનાર કારખાનેદાર જેમીલ ભરોળીયાની ધરપકડ

સુરતઃ અમરોલી વિસ્તારમાં જાણીતી બ્રાન્ડના નામે નકલી અને ડુપ્લીકેટ કોસ્મેટિક પ્રોડક્ટ્સ બનાવી વેચાણ કરવાનો પર્દાફાશ થયો છે. પુણે સ્થિત 'યામી ઘર શોપ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીના કોપીરાઈટ અને ટ્રેડમાર્ક હક્કોનું ઉલ્લંઘન કરી ભળતા નામે તેમજ પેકેજિંગ સાથે ડુપ્લિકેટ સાબુ બનાવતા કારખાનેદાર સામે અમરોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને રૂ.૧.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પુણે સ્થિત 'યામી ઘર શોપ પ્રા. લિ.' કંપનીના ઓથોરાઈઝ્ડ પર્સન તરીકે ફરજ બજાવતા જયદીપભાઈ સુભાષભાઈ ભટ્ટી (રહે., ન્યુ રાણીપ, અમદાવાદ) તથા તેમની કંપનીના અધિકારી સુભાષભાઈ ભુતોરીયા (રહે., નોઈડા)ને માહિતી મળી હતી કે, અમરોલીના વેદાંત ઈન્ડસ્ટ્રીઝ-૩, પ્રગતિ ઈકો પાર્કના ખાતા નંબર-૦૫ 'વાલમ પ્રા. લિ.' ખાતે તેમની કંપનીની કોસ્મેટિક વસ્તુઓનું ડુપ્લિકેશન કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

જેની અમરોલી પોલીસને જાણ કરતાં પોલીસે 'વાલમ પ્રા. લિ.' નામના ચાર માળના બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ખાતામાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પર હાજર ઈસમની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ જેમીલભાઈ નરેશભાઈ ભરોળીયા (રહે., રામેશ્વર રેસિડેન્સી, ઉતરાણ, સુરત) હોવાનું અને પોતે આ ખાતાનો માલિક હોવાનું જણાવ્યું હતું. પોલીસે પંચોની હાજરીમાં તપાસ હાથ ધરતા 'કોજિક સોપ' (KOJIC SOAP) નામના પીળા રંગના ડુપ્લિકેટ સાબુ નંગ-૬૫૦ (કિંમત રૂ.૬૫,૦૦૦) તથા તેના પ્રિન્ટેડ ખાલી કવર નંગ-૩૫૦ (કિંમત રૂ.૨,૧૦૦) મળી આવ્યાં હતાં. આ ઉપરાંત 'મેજિક સોપ' (MAGIC SOAP) નામના કથ્થઈ-ક્રીમ રંગના ડુપ્લિકેટ સાબુ નંગ-૧૦૦૦ (કિંમત રૂ.૧,૦૦,૦૦૦) અને તેના પ્રિન્ટેડ ખાલી કવર નંગ-૨૩૫૦ (કિંમત રૂ.૧૪,૧૦૦) મળી આવ્યા હતા. કંપનીના નામે નકલી માલ બનાવીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવા તેમજ કંપની સાથે છેતરપિંડી કરવા બદલ અમરોલી પોલીસે કારખાનેદાર જેમીલ ભરોળીયા સામે કોપીરાઈટનો ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરમાં અનેકવાર નકલી વસ્તુઓ બનાવી ફેક્ટરીઓ, કારખાનાઓ ઝડપાઈ રહ્યા છે ત્યારે લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેંડા કરતાં તત્ત્વો સામે કડક પગલાં ભરવામાં આવે તેવી સુરતના લોકોમાં માંગ ઊઠી રહી છે.

---

# સુરતમાં 2.08 કરોડનું ફ્રોડ કરી મધ્યપ્રદેશમાં પાનનો ગલ્લો ખોલ્યો

**ડિંડોલી** પોલીસે 8 મહિનાથી વોન્ટેડ આરોપીને ગ્રાહક બની ખંડવાથી દબોચી લીધો

સુરતઃ શેરબજારમાં રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપી સુરતના વેપારીઓ તથા નાગરિકો સાથે રૂ.૨,૦૮,૪૯,૫૦૦ ની મસમોટી છેતરપિંડી આચરી છેલ્લા આઠ મહિનાથી નાસતા ફરતા આરોપીને ડિંડોલી પોલીસે મધ્યપ્રદેશના ખંડવા શહેર ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી ત્યાં પાન મસાલાનો ગલ્લો ચલાવી ઓળખ છૂપાવી રહ્યો હતો.

ડિંડોલી કરાડવા રોડ સ્થિત એમ્પોરિયા બિઝનેસ હબમાં 'શિવ કન્સલ્ટન્સી એન્ડ સર્વિસ' નામે પેઢી ચલાવતા ઈશ્વરીપ્રસાદ રામજીયાવન પાલ (ઉં.વ.૪૬, રહે., રાજદીપ રો-હાઉસ, ડિંડોલી, મૂળ યુ.પી.) એ ઈક્વિટી અને ડિલિવરી બેઝ્ડ રોકાણ પર ગેરંટીડ વળતર અને ચેક આપવાની લોભામણી વાતો કરી હતી. તા. ૧/૮/૨૦૨૪ થી તા. ૧૮/૮/૨૦૨૫ દરમિયાન ફરિયાદી અને અન્ય સાક્ષીઓ પાસેથી રૂ.૨.૦૮ કરોડથી વધુનું રોકાણ કરાવી, પેઢીને તાળાં મારી આરોપી ફરાર થઈ ગયો હતો. આરોપી નહીં મળી આવતા નામદાર કોર્ટમાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૨ મુજબનું વોરંટ મેળવવામાં આવ્યું હતું. દરમિયાન ડિંડોલી પોલીસને આરોપી મધ્યપ્રદેશના ખંડવા શહેરમાં હોવાની સચોટ બાતમી મળી હતી. બાતમીના આધારે પીએસઆઈ ડી.એ.ગોહીલની આગેવાનીમાં એક ટીમ ખંડવા પહોંચી હતી. તપાસ દરમિયાન આરોપી રામનગર સોસાયટી બહાર ફૂટપાથ પર પાન-મસાલાની દુકાન ચલાવતો હોવાનું જાણવા મળતા, પોલીસે સ્થાનિક વેશ ધારણ કરી ગ્રાહકના સ્વાંગમાં જઈ આરોપી ઈશ્વરીપ્રસાદ પાલને ઝડપી પાડ્યો હતો.

## કોર્ટ સંકુલના પટાંગણમાં ટેબલ મુદ્દે વકીલો બાખડ્યાં, પોલીસ બોલાવવી પડી

સુરતઃ આજે મંગળવારે વધુ એક વખત કોર્ટ સંકુલના પટાંગણમાં ટેબલ બાબતે મહિલા વકીલનો અન્ય વકીલ સાથે ઝઘડો થતાં મહિલા વકીલે પોલીસને બોલાવી લેતાં પોલીસ કોર્ટ સંકુલમાં પહોંચી હતી. સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, ફેની પટેલ, પ્રકાશ ડાભી, ગગજી ભરવાડ સહિતના દોડી ગયાં હતા. તેઓએ પ્રથમ પોલીસને સમજાવી રવાનાં કર્યા બાદ આ બન્ને વકીલોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. આ અંગે બારનાં સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે એક વકીલનું ટેબલ બહાર હતું જે અંદર લેતાં બંન્ને વકીલ વચ્ચે માથાકુટ થઇ હતી. આ મુદ્દે બન્નેએ બારને લેખિત રજૂઆત કરી હતી. જયારે આજે મામલો ઉગ્ર બનતાં પોલીસ કોર્ટ પટાંગણમાં આવી હતી.

## BRTS રૂટમાં રોંગ સાઈડ આવેલી ST બસને લીધે એમ્બ્યુલન્સ ફસાઇ



■ સુરતમાં બીઆરટીએસ કોરિડોરમાં ટ્રાફિક નિયમોનું પાલન કેટલું નબળું છે તેનો વધુ એક ચિંતાજનક કિસ્સો ભેસ્તાન વિસ્તારમાં સામે આવ્યો છે. મુશળધાર વરસાદ વચ્ચે બીઆરટીએસના વિશિષ્ટ રૂટમાં એક ST બસ બેફામ રીતે રોંગ સાઈડમાં ઘૂસી આવતા સામેથી આવી રહેલી ઈમરજન્સી એમ્બ્યુલન્સને રસ્તા વચ્ચે જ અટકી જવું પડ્યું હતું. ઘટનાએ BRTS રૂટમાં 'રેઢા રાજ' જેવી સ્થિતિ હોવાની ચર્ચા જગાવી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ એમ્બ્યુલન્સ દર્દીને લઈ હોસ્પિટલ તરફ જઈ રહી હતી અને સતત સાયરન વગાડી રહી હતી. છતાં રોંગ સાઈડમાં આવેલી ST બસના ચાલકે વાહન પાછળ ન લેતાં સાંકડા BRTS કોરિડોરમાં એમ્બ્યુલન્સ માટે આગળ વધવાનો કોઈ રસ્તો બચ્યો નહોતો. અંતે એમ્બ્યુલન્સ ચાલકને વરસાદ અને પાણી ભરાયેલા માર્ગ વચ્ચે લાંબું રિવર્સ લેવાની ફરજ પડી, જેના કારણે દર્દીને સમયસર સારવાર મળવામાં વિલંબ થવાની સ્થિતિ સર્જાઈ હતી. સવાલ એ છે કે BRTS કોરિડોરમાં પણ જો સરકારી બસના ચાલકો જ નિયમોનો ભંગ કરે તો સામાન્ય વાહનચાલકો પાસેથી ટ્રાફિક શિસ્તની કેવી અપેક્ષા રાખી શકાય? નિયમોની કડક અમલવારીના અભાવે આવા બનાવો ફરી બની રહ્યા હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

## અમરોલીમાં પુત્રીને લેવા જતાં વૃદ્ધની બાઈકને કારચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ અમરોલીમાં પુત્રીને લેવા જતાં વૃદ્ધની બાઈકને કારચાલકે અડફેટે લેતાં મોત થયું હતું. મૂળ જામનગરના જોડિયા તાલુકાના બાલંભા ગામના વતની 68 વર્ષીય મહેશભાઈ ગોવિંદભાઈ પરમાર હાલમાં અમરોલી ખાતે આવેલ ગેલેક્સી વસંત વિલે રેસિડેન્સીમાં પુત્ર મયંકકુમાર સાથે રહેતા હતા. રવિવારે બપોરે મહેશભાઈ બાઈક લઈને અમરોલી રઘુવીર સોસાયટીમાં રહેતી નાની પુત્રી દીપ્તિબેનને લેવા નીકળ્યા હતા. તે દરમિયાન અમરોલી રજવાડી પાર્ટી પ્લોટ પાસે અજાણ્યા કારચાલકે મહેશભાઈની બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મહેશભાઈને ગંભીર ઈજા થતાં સ્મીમેર હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન મહેશભાઈનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

---

અમદાવાદ બાદ રાજ્યના બીજા મહાનગર તરીકે

# સુરતમાં મૃત શ્વાન માટે આધુનિક સ્મશાન બનશે, ચાર્જ આપવો પડશે

**ભટાર** એસટીપી ખાતે 100 કિલો પ્રતિ કલાક ક્ષમતાની સુવિધા ઊભી થશે

**પાલતુ** માટે ચાર્જ અને રખડતા કૂતરાં માટે વિનામૂલ્યે કામગીરી થશે

સુરતઃ શહેરમાં મૃત રખડતા તેમજ પાલતુ શ્વાનના વૈજ્ઞાનિક, સ્વચ્છ અને સન્માનજનક નિકાલ માટે સુરત મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પાલિકાની આરોગ્ય સમિતિએ ભટાર સ્થિત એસટીપી ખાતે 100 કિલોગ્રામ પ્રતિ કલાક ક્ષમતા ધરાવતું ગેસ આધારિત પેટ ડોગ ક્રિમેટોરિયમ સ્થાપવા માટે રૂ. 44.30 લાખના નેટ અને રૂ. 46.96 લાખના ગ્રોસ અંદાજને મંજૂરી આપી છે. આ સુવિધા કાર્યરત બન્યા બાદ અમદાવાદ પછી સુરત ગુજરાતનું બીજું મહાનગર બનશે, જ્યાં મૃત પાલતુ અને રખડતા શ્વાનના અંતિમ સંસ્કાર માટે આધુનિક ગેસ આધારિત ક્રિમેટોરિયમ ઉપલબ્ધ હશે.

નવી સુવિધા શરૂ થતાં મૃતદેહોનું ઊંચા તાપમાને સંપૂર્ણ દહન કરવામાં આવશે, જેના કારણે જાહેર સ્વચ્છતા અને આરોગ્ય સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થશે. આરોગ્ય સમિતિના અધ્યક્ષ અશોક રાંદેરીયાએ જણાવ્યું હતું કે, પાલતુ શ્વાન માટે 500થી 1000 રૂપિયાના અને રખડતા શ્વાન માટે વિનામૂલ્યે સેવાની ભલામણ વિભાગને કરવામાં આવી છે.

### ભવિષ્યમાં મોટા પ્રાણીઓ માટે પણ આયોજન કરાશે

અશોક રાંદેરીયાએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં શ્વાન અને અન્ય નાના પ્રાણીઓ માટે ગેસ આધારિત ક્રિમેટોરિયમ સ્થાપવામાં આવશે. જોકે, આગામી સમયમાં શહેરની જરૂરિયાત અને આ પ્રોજેક્ટના અનુભવને આધારે મોટા પ્રાણીઓના મૃતદેહોના વૈજ્ઞાનિક અને સ્વચ્છ નિકાલ માટે પણ અલગ આધુનિક સુવિધા વિકસાવવાની દિશામાં વિચારણા કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે આ પ્રોજેક્ટ માત્ર પાલતુ પ્રાણીઓના માલિકોની લાગણીઓનું સન્માન કરતું પગલું નથી, પરંતુ શહેરમાં જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને પર્યાવરણના સંરક્ષણ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.

## સુરત જિલ્લા વકીલ મંડળની કારોબારી કમિટીની બેઠકમાં 24 અરજીનો નિકાલ

સુરતઃ મંગળવારે સુરત જિલ્લા વકીલ મંડળની કારોબારી કમિટીની બેઠક પ્રમુખ ઉદય પટેલનાં અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં ચેસ ટૂર્નામેન્ટનાં આયોજનમાં બે માજી સેક્રેટરી વચ્ચે થયેલા ગજગ્રાહ અંગે જનરલ સભા બોલાવવાની માંગવાળી અરજી હાલ પેન્ડિંગ રાખીં છે. સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે બોગસ વકીલ સામે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી અંગે બાર તરફથી પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી હોવાથી હાલ આ અરજીનો નિકાલ કર્યો છે. જયારે ચેસ ટૂર્નામેન્ટ સંદર્ભે થયેલાં વિવાદ અંગેની અરજી ટૂર્નામેન્ટ પૂર્ણ થયા બાદ યોગ્ય નિર્ણય કરાશે. તેમજ જે કેસમાં જે વકીલપત્ર હોય અને અન્ય વકીલ પોતાનું વકીલ પત્ર રજૂ કરતાં હોય તો એ માટે આગળનાં વકીલની એનઓસી લીધા બાદ વકીલ પત્ર મૂકવા બાબતે વકીલોને બાર વિનંતી પત્ર લખશે.

# ખાડાને કારણે બાઈક સ્લિપ થઈ અને ફૂટપાથનો સળિયો પગમાં ઘૂસી ગયો!

**સરથાણા** રોડ પર ફાયર જવાનોએ એક કલાકની ભારે જહેમત બાદ ફૂટપાથ પાસેના સળિયાને કાપીને યુવકને મુક્ત કર્યો



સુરતઃ શહેરના સરથાણા રોડ પર સોમવારે રાત્રે મનપાની બેદરકારીના કારણે એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો હતો. મોટા વરાછા સ્થિત સુમન સુરત આવાસમાં રહેતો 18 વર્ષીય દીપ જીગ્નેશ પ્રજાપતિ સોમવારે રાત્રે પોતાની બાઈક લઈને સરથાણાથી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન સામેથી આવતા વાહનની લાઈટ અને રસ્તા પર વરસાદી પાણી ભરાયેલા ખાડાને કારણે અચાનક તેની બાઈક સ્લીપ થઈ ગઈ હતી. બાઈક પરથી નીચે પટકાતાં જ ફૂટપાથ પાસે ખુલ્લો રહેલો લોખંડનો સળિયો દીપના જમણા પગના પંજામાં આરપાર ઘૂસી ગયો હતો. આ કરુણ અને ગંભીર દ્રશ્ય જોઈને આજુબાજુના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને સળિયો બહાર કાઢવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા મળી ન હતી.

ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર ઓફિસર જગદીશભાઈ રત્નુ તેમની ટીમ સાથે તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા. ફાયર જવાનોએ ખાસ સાધનોની મદદથી આશરે એક કલાકની ભારે જહેમત બાદ ફૂટપાથ પાસેના સળિયાને કાપીને યુવકને મુક્ત કર્યો હતો.

ત્યારબાદ પગમાં ઘૂસેલા સળિયા સાથે જ દીપને 108 એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોની ટીમે રાત્રે જ સફળ સર્જરી કરીને પગમાંથી સળિયો બહાર કાઢ્યો હતો. કમાવરા પરિવારનો દીપ ફેશન ડિઝાઈનની લાઈનનો અભ્યાસ કરે છે અને તેના પિતા સિલાઈ કામ (ટેલરિંગ) કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. અચાનક બનેલી આ ઘટનાથી પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે, જ્યારે સ્માર્ટ સિટીના તૂટેલા રોડ-રસ્તા અને ખુલ્લા સળિયા અંગે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

---

આજે નેશનલ ફ્લેગ એડોપ્શન ડે | તિરંગો બનાવવામાં સુરત રાત-દિવસ કામે લાગ્યું, દેશભરમાં સુરતના તિરંગાને સલામ

# સુરત બન્યું તિરંગા ઉત્પાદનનું સૌથી મોટું કેન્દ્ર

**હર** ઘર તિરંગા' અભિયાન બાદ વધ્યો ઉત્પાદનનો વ્યાપ; દર વર્ષે રૂ.100થી રૂ.250 કરોડનું તિરંગા અર્થતંત્ર,



સુરતઃ ભારતનો રાષ્ટ્રધ્વજ (તિરંગો) 22 જુલાઈ, 1947ના રોજ બંધારણ સભાએ સત્તાવાર રીતે સ્વીકાર્યો હતો. આ ઐતિહાસિક દિવસ દર વર્ષે નેશનલ ફ્લેગ એડોપ્શન ડે તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રપ્રેમ અને એકતાનું પ્રતીક ગણાતો તિરંગો આજે માત્ર દેશની ઓળખ જ નથી, પરંતુ સુરત માટે એક મહત્વપૂર્ણ ઉદ્યોગ પણ બની ગયો છે.

દેશનું સૌથી મોટું મેનમેડ ટેક્સટાઈલ હબ ગણાતું સુરત છેલ્લાં કેટલાક વર્ષોમાં તિરંગા ધ્વજના ઉત્પાદન માટે પણ અગ્રેસર બન્યું છે. વર્ષ 2022માં કેન્દ્ર સરકારના 'હર ઘર તિરંગા' અભિયાન બાદ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને કરોડો ધ્વજોના ઓર્ડર મળ્યા હતા. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) તથા હોલસેલ ધ્વજ વેપારી મનોજ ગોયલના જણાવ્યા મુજબ, તે વર્ષે સુરતના ઉત્પાદકોને પાંચ કરોડથી વધુ તિરંગા બનાવવાના ઓર્ડર મળ્યા હતા. માંગને પહોંચી વળવા માટે ડાઈંગ, પ્રિન્ટિંગ અને સ્ટીચિંગ એકમોમાં દિવસ-રાત ઉત્પાદન ચાલ્યું હતું.

દર વર્ષે જુલાઈથી ઓગસ્ટ દરમિયાન તિરંગાના વેચાણમાં ભારે વધારો જોવા મળે છે. 20×30, 30×40 અને 40×60 ઈંચ જેવા સામાન્ય કદ ઉપરાંત 10થી 30 મીટર સુધીના વિશાળ ધ્વજો પણ સુરતમાં તૈયાર થાય છે. મોટા ભાગના ધ્વજો ઉચ્ચ ગુણવત્તાવાળા શાર્ટિન પોલિએસ્ટર કાપડમાંથી બનાવવામાં આવે છે, જેથી રંગ લાંબા સમય સુધી ટકી રહે અને ધ્વજ વધુ ટકાઉ બને. સુરતમાં તૈયાર થતા તિરંગા માત્ર ગુજરાત પૂરતા મર્યાદિત નથી. મુંબઈ, દિલ્હી, કોલકાતા, બેંગલુરુ, ઈન્દોર, ભોપાલ, જયપુર સહિત દેશનાં અનેક શહેરોના વેપારીઓ અહીંથી જથ્થાબંધ ખરીદી કરે છે. સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ અને વિવિધ સરકારી અભિયાનો માટે અગાઉથી જ મોટા પ્રમાણમાં ઓર્ડર આપવામાં આવે છે. સામાન્ય કદના ધ્વજ રૂ. 25થી રૂ. 70 સુધી ઉપલબ્ધ હોય છે, જ્યારે વિશાળ કદના ધ્વજની કિંમત તેના માપ અને ગુણવત્તા મુજબ નક્કી થાય છે.

ઉદ્યોગના અંદાજ મુજબ સુરતમાં દર વર્ષે અંદાજે 2થી 4 કરોડ તિરંગા તથા સંબંધિત ઉત્પાદનોનું ઉત્પાદન થાય છે. તેમાં ધ્વજ ઉપરાંત કાર ફ્લેગ, હેન્ડ ફ્લેગ, પટકા, બેનર અને અન્ય દેશભક્તિ આધારિત ઉત્પાદનોનો પણ સમાવેશ થાય છે.

આ સમગ્ર વેપારનું વાર્ષિક મૂલ્ય અંદાજે 100થી 250 કરોડ સુધી પહોંચે છે. જ્યારે 'હર ઘર તિરંગા' અભિયાન દરમિયાન દેશભરમાં 30 કરોડથી વધુ ધ્વજોના વેચાણથી આશરે 500 કરોડનો વ્યવસાય થયો હતો, જેમાં સુરતની સૌથી મોટી ભાગીદારી રહી હતી.

### સુરત કેમ બન્યું તિરંગા ઉત્પાદનનું હબ?

સુરત આજે દેશના તિરંગા ઉત્પાદનનું સૌથી મોટું કેન્દ્ર માનવામાં આવે છે. તેનું મુખ્ય કારણ શહેરની વિશાળ ટેક્સટાઇલ ઉત્પાદન ક્ષમતા, આધુનિક ડાઈંગ-પ્રિન્ટિંગ અને ફિનિશિંગ સુવિધાઓ તેમજ ઓછા ખર્ચે મોટા પાયે ઉત્પાદન કરવાની ક્ષમતા છે. પાંડેસરા, ઉધના, સચિન, કડોદરા અને આસપાસના વિસ્તારોમાં આવેલી અનેક ટેક્સટાઇલ એકમો વર્ષભર તિરંગા અને અન્ય રાષ્ટ્રીય ધ્વજોના ઉત્પાદનમાં કાર્યરત રહે છે. સુરતની ઝડપી લોજિસ્ટિક્સ વ્યવસ્થા અને દેશવ્યાપી સપ્લાય નેટવર્કને કારણે દેશના લગભગ દરેક રાજ્યમાં અહીંથી ધ્વજ પહોંચાડવામાં આવે છે.

# અગાઉ બે ડે.કમિ.ની બદલી બાદ હવે મનપામાં નવા ડે.કમિ. મુકાયા

**નવા** ડે.કમિ. સ્મિત લોઢા અગાઉ દાહોદમાં ડીડીઓ હતા, અન્ય અધિકારીઓનો કાર્યભાર હળવો થશે



સુરતઃ સુરત મહાનગરપાલિકામાં છેલ્લા કેટલાક મહિનાઓથી ઉચ્ચ અધિકારીઓની અછતને કારણે વહીવટી મુશ્કેલીઓ સર્જાઈ રહી હતી. આ પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે તાજેતરમાં જ નવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલા IAS અધિકારીઓની બદલીના આદેશ મુજબ, દાહોદના જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા સ્મિત સંતોષ લોઢાની બદલી સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે કરવામાં આવી છે. આ નિમણૂકથી પાલિકામાં લાંબા સમયથી ખાલી પડેલી જગ્યા આંશિક રીતે ભરાશે અને દૈનિક વહીવટી કામગીરીને ગતિ મળશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

અધિકારીઓની અછત ત્યારે વધુ ગંભીર બની, જ્યારે ટૂંકા જ ગાળામાં બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરવામાં આવી હતી. ગત તા.13 મેના રોજ ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવની અમદાવાદ મહાનગરપાલિકામાં બદલી કરાઈ હતી. તેમની પાસે એક ઝોન ઉપરાંત અનેક મહત્વના વિભાગોનો પ્રભાર હતો. જ્યારે 2 જૂનના રોજ વરાછા-A ઝોનના ઝોનલ ચીફ તેમજ વિજિલન્સ, ઈન્ક્વાયરી અને લીગલ વિભાગનો કાર્યભાર સંભાળતા રાજેશ ભોગાયતાની પણ બદલી કરવામાં આવી હતી. આ બંને અધિકારીઓની બદલી બાદ રાજ્ય સરકાર તરફથી તાત્કાલિક નવી નિમણૂક ન થતાં, વિવિધ ઝોન અને મહત્વના વિભાગોની જવાબદારીઓ અન્ય અધિકારીઓ વચ્ચે વહેંચી દેવાઈ હતી.